# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૭, એપ્રિલ - મે, ૨૦૨૨



## "પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મર"ની સંશોધક ટીમનો સન્માન સમારંભ



તારીખ ૧લી એપ્રિલ ૨૦૨૨ના રોજ અઢારમા કંપની દિનની ઉજવણી




શ્રી પી.બી. પંડ્યા અને શ્રી આર.પી. પટેલને ભાવભરી વિદાય



ગાંધીનગરમાં ફીડર વિભાજન અંગે માહિતી આપતા માનનીયશ્રી ઊર્જારાજ્ય મંત્રી

# આ અંકમાં


**અંક-૬૭**
**એપ્રિલ - મે, ૨૦૨૨**

**તંત્રી**
શ્રી પ્રભવ જોશી, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી એલ. એ. ગઢવી, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી બી. જી. પ્રણામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી વી. એચ. સોલંકી, અધિક્ષક ઇજનેર (ટેક.)
શ્રી આઈ.જી. કટારા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહિવટ), કડી, વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com


## આ અંકનાં આકર્ષણો...


**એવોર્ડ**
- યુજીવીસીએલને ફાળે દ્વિતીય ગ્રીન ઊર્જા એન્ડ એનર્જી એફિશિયન્સી એવોર્ડ ૦૪

**વિદાય**
- વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા અને અધિક્ષક ઈજનેર (કોમર્સ) શ્રી આર.પી. પટેલને ભાવભરી વિદાય ૦૫

**લોકાર્પણ**
- ભાદરા ચેકડેમ રીનોવેશન પ્રોજેક્ટનું લોકાર્પણ ૦૭

**કંપની સમાચાર**
- ભારત સરકાર દ્વારા રીવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ અંતર્ગત ભારતના પ્રથમ રાજય તરીકે ગુજરાત સરકારને ફાળવવામાં આવેલ નાણા પૈકી રૂપિયા ૩,૫૨૭ કરોડ યુજીવીસીએલને ફાળવ્યા ૦૮
- વીજ-બચત કરીને છેવાડાના ગ્રાહક સુધી વીજ-વિતરણનો લાભ મળે તેવા પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મરનું સંશોધન કરી યુજીવીસીએલએ પેટન્ટ મેળવ્યો ૦૯

**સન્માન**
- "પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મર"ની સંશોધક ટીમનો સન્માન સમારંભ ૧૦

**ઉજવણી**
- તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૨ના રોજ અઢારમા કંપની દિનની ઉજવણી ૧૧

**સંક્ષિપ્ત સમાચાર**
- ગુજરાત વિધાનસભામાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રના ગાંધીનગરમાં ફીડર વિભાજન અંગે માહિતી આપતા માનનીય ઊર્જારાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ ૧૨
- આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત એક જ દિવસમાં ૩૧૧૦ વીજ-જોડાણો આપવામાં આવ્યા ૧૨
- મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે કાર્યભાર સંભાળતા શ્રી એલ.એ. ગઢવી ૧૩
- સાબરમતી વર્કિંગ વુમેન એસોસિએશન દ્વારા મહિલા દિનની ઉજવણી ૧૩
- નિવૃત્તિ બાદ કર્મચારીઓ માટે આર્થિક આયોજન અંગેનો સેમિનાર ૧૪
- શ્રેષ્ઠ કામગીરી બદલ ગઢ કચેરી ખાતે કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ ૧૪

**વિદાય**
- શ્રી પરાગભાઈ દેસાઈ, અધિક્ષક ઈજનેર (ક્વોલીટી કંટ્રોલ સેલ)ને ભાવભરી વિદાય ૧૫



**આપણી કંપનીને વીજ સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી માટે ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કોલકત્તા દ્વારા દ્વિતીય 'ગ્રીન ઊર્જા એન્ડ એનર્જી એફિશિયન્સી એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધિ બદલ, ગુજરાત સરકારના માનનીય ઊર્જા મંત્રીશ્રી દ્વારા આપ સૌને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.**

**કોઈ પણ વસ્તુનો નિર્ણય કરવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે છે. અનુભવ, જ્ઞાન અને નિર્ણયને અભિવ્યક્ત કરવાની ક્ષમતા. - સોક્રેટિસ**

**પ્રિય કર્મચારી મિત્રો**

'આપણું યુજીવીસીએલ' ન્યૂઝલેટરના આ માધ્યમથી આપ સૌ સાથે સીધો સંવાદ કરતાં હું અત્યંત આનંદ અનુભવું છું. યુજીવીસીએલ જેવી વ્યાપક કાર્યફલક ધરાવતી કંપનીમાં મેનેજમેન્ટ, ઉચ્ચ અધિકારીઓ, વિવિધ કચેરીમાં કાર્યરત કર્મચારીઓ તથા તેમના પરિવારજનો વચ્ચે સંવાદનું આવું એક માધ્યમ સૌ વચ્ચે સુમેળભર્યા સંબંધો કેળવવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આપ સૌને જાણ કરતાં મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે, આપણી કંપનીને વીજ સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કોલકત્તા દ્વારા દ્વિતીય 'ગ્રીન ઊર્જા એન્ડ એનર્જી એફિશિયન્સી એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધિ બદલ, ગુજરાત સરકારના માનનીય ઊર્જા મંત્રીશ્રી દ્વારા આપ સૌને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે. આ એવોર્ડ સંલગ્ન કામગીરીમાં સંકળાયેલ તમામ કર્મચારીઓને હું હૃદયપૂર્વકથી અભિનંદન પાઠવું છું.

તાજેતરમાં આપણી કંપની દ્વારા "પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મર"ની સંશોધક ટીમના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું, એ પણ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે.

મિત્રો, આપણે સૌ આ વર્ષે અત્યંત આકરી ગરમીના દોરમાંથી પસાર થયા છીએ. સમગ્ર દેશમાં હીટવેવની સ્થિતિને કારણે વીજ માંગમાં વધારો થયો છે. આ પરિસ્થિતિને આપણે સારી રીતે હેન્ડલ કરી અને હવે આગામી સમયમાં ચોમાસાની સીઝન આવવાની છે, ત્યારે ચોમાસા દરમ્યાન ઊભી થનાર અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા સચેત રહેવા અપીલ કરું છું.

મને એ વાતનો પણ આનંદ છે કે, વર્ષો સુધી કંપનીની નિષ્ઠાભરી સેવા પછી નિવૃત્ત થતા કર્મચારીઓ માટે, તેમને મળતા નાણાકીય લાભોના યોગ્ય આયોજન માટે સેમિનારની પહેલ કરવામાં આવી છે.

તા. ૦૧-૦૬-૨૦૨૨થી તા. ૦૭-૦૬-૨૦૨૨ દરમ્યાન 'વીજ સલામતી સપ્તાહ'ની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે, વીજ સુરક્ષા માટેના જરૂરી સાધનોનો ઉપયોગ કરી કામગીરી કરવા અપીલ કરું છું.

**પ્રભવ જોશી,** આઇએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલને ફાળે દ્વિતીય ગ્રીન ઊર્જા એન્ડ એનર્જી એફિશિયન્સી એવોર્ડ

## યુજીવીસીએલની ઝોળીમાં વધુ એક એવોર્ડ સાથે કુલ એવોર્ડની સંખ્યા એકત્રીસ...

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે સતત વિવિધ ક્ષેત્રોમાં પ્રયત્નશીલ રહેલ છે, જેના ભાગરૂપે વીજ સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીને દ્વિતીય ગ્રીન ઊર્જા એન્ડ એનર્જી એફિશિયન્સી એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.


તારીખ ૦૧-૦૪-૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને પ્રાપ્ત થયેલ આ એકત્રીસમો એવોર્ડ છે. તારીખ ૨૩-૦૩-૨૦૨૨ના રોજ ઓનલાઈન એવોર્ડ સેરેમનીમાં કંપનીના અધિક્ષક ઈજનેર (સોલાર) શ્રી વી.એચ. ઠાકરને શ્રીમાન ગીરીશ પ્રધાન, ભૂતપૂર્વ ચેરમેન CERC દ્વારા ડૉ. સુબોધ અગ્રવાલ, એડિશનલ ચિફ સેક્રેટરી, માઈન્સ એન્ડ પેટ્રોલીયમ, એનર્જી ડિપાર્ટમેન્ટ અને ચેરમેન સી.એમ.ડી. રાજસ્થાન રીન્યુએબલ એનર્જી કોર્પોરેશન લિમિટેડ અને ચેરમેન, રાજસ્થાન ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવેલ છે.

### એવોર્ડ વિશેની માહિતી

EESL એ એક પ્રતિષ્ઠિત એનર્જી સર્વિસ આપતી કંપની છે, જે ગ્રાહકો, ઉદ્યોગો અને સરકારોને ઊર્જા કાર્યક્ષમ તકનીકો દ્વારા તેમની ઊર્જા જરૂરિયાતોનું અસરકારક રીતે સંચાલન કરવા સક્ષમ બનાવે છે, તેમણે આ વર્ષે પણ એવોર્ડ નોમિનેશનનું મૂલ્યાંકન કરવા સંમતિ આપી છે. આ પુરસ્કાર ફરી એકવાર પાવર ડિસ્ટ્રિબ્યુશનની કંપનીઓ, કેપ્ટિવ પાવર ઉત્પાદકો, સોલાર અને વિન્ડ સિસ્ટમ્સ/ ઘટકોના ઉત્પાદકો અને મેન્યુફેક્ચરિંગ અને સ્ટોરેજ સહિત રૂરલ ઈલેક્ટ્રીફીકેશન પ્રોજેક્ટ્સની ફાઇનાન્સિંગ સંસ્થાઓ સહિતની કંપનીઓને સ્વીકારશે અને પુરસ્કાર આપશે. બદલામાં આ પુરસ્કાર નવીન અને કાયમી પ્રથાઓ અને કામગીરીના અગ્રણી ઉદાહરણોને પ્રકાશિત કરવા માટે એક મંચ પૂરો પાડે છે જે અન્ય લોકોને સમાન નીતિઓ અને પ્રથાઓ અપનાવવા અને તેમના પ્રદર્શન પર પારદર્શક રીતે વાતચીત કરવા પ્રેરણા આપી અને પ્રોત્સાહિત કરે છે.

### એવોર્ડ આપનાર સંસ્થા વિષે માહિતી

ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કલકત્તા વીજ મંત્રાલયને ભલામણ, અહેવાલોના પ્રકાશન, મહત્ત્વપૂર્ણ અને સંબંધિત ચિંતનો દ્વારા સરકાર અને ઉદ્યોગ મંડળ વચ્ચે વિવિધ પ્લેટફોર્મ્સ (સમિટ) બનાવવાના સ્વરૂપમાં તેની વિવિધ પહેલો દ્વારા ઊર્જા ક્ષેત્રને અસર કરતા મુખ્ય મુદ્દાઓ પર સક્રિયપણે કામ કરી રહેલ સંસ્થા છે.




### એવોર્ડ માટેના પરિમાણો:

- ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને લોડમાં વૃદ્ધિ
- T&D નુકસાન અને DTS નિષ્ફળતા
- બિલિંગ કાર્યક્ષમતા અને એકાઉન્ટેડ વાણિજ્યિક નુકસાન
- સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશન
- ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ
- RPO અને RE પાવર

### જ્યુરી સભ્યોના નામ અને હોદ્દા :

- શ્રી અનિલ રાઝદાન, ભૂતપૂર્વ સચિવ પાવર, ભારત સરકારની અધ્યક્ષતા
- શ્રી ગિરીશ પ્રધાન, ભૂતપૂર્વ અધ્યક્ષ, CERC

- સુશ્રી નીરજા માથુર, ભૂતપૂર્વ ચેરપર્સન, CEA
- શ્રી કે. એસ. પોપલી, ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, IREDA
- ડૉ. વિનફ્રેડ ડેમ, ડાયરેક્ટર, ઈન્ડો-જર્મન એનર્જી પ્રોગ્રામ
- શ્રી અશ્વિની કુમાર, ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર, સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. અને ભૂતપૂર્વ વરિષ્ઠ નિયામક રિન્યુએબલ એનર્જી ટેક્નોલોજી ડિવિઝન, TERI
- શ્રી એસપી ગરનાઈક, ભૂતપૂર્વ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, EESL
- શ્રી સરુભ કુમાર, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ, EESL GROUP




તાજેતરમાં હળવા થઇ રહેલા કોરોનાના કપરા કાળ બાદ યુજીવીસીએલના સન્નિષ્ઠ કર્મચારીઓ દ્વારા વધુ એકવાર પોતાની કાર્યક્ષમતા સિદ્ધ કરીને કંપનીને આ ૩૧મો એવોર્ડ અપાવેલ છે. એવોર્ડ મળ્યાની જાહેરાત બાદ કંપનીના ઉચ્ચઅધિકારીઓ તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની અન્ય વીજ કંપનીઓના ઉચ્ચઅધિકારીઓ તરફથી અભિનંદનના સંદેશા પ્રાપ્ત થયેલ છે. ગુજરાત સરકારના ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા સોશિયલ મિડિયાના માધ્યમ દ્વારા યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવવામાં આવેલ.

કંપનીના કર્મચારીઓની કામગીરીથી પ્રભાવિત થઈને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ એવોર્ડ પ્રાપ્ત કરવા માટે સંલગ્ન તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપેલ. ■

# વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા અને અધિક્ષક ઈજનેર (કોમર્સ) શ્રી આર.પી. પટેલને ભાવભરી વિદાય

તારીખ ૩૧-૦૩-૨૦૨૨ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષપદે વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા અને અધિક્ષક ઈજનેર (કોમર્સ) શ્રી આર.પી. પટેલને ભાવભરી વિદાય આપવા માટેના સમારંભનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી રાજેન્દ્ર જૈન, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, વિશેષ મુખ્ય ઈજનેર (પાલનપુર) શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી જી.એચ. એન્જિનિયર, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ તથા કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિએ ઉપસ્થિત મહાનુભાવો તેમજ નિવૃત્ત થઇ રહેલ અધિકારીઓ અને કર્મચારીઓનું શબ્દોથી સ્વાગત કરેલ.

શ્રી પી.બી. પંડ્યા અને શ્રી આર.પી. પટેલ માટે ઉચ્ચઅધિકારીઓ દ્વારા તેઓનું શ્રીફળ, ચાંદીનો સિક્કો, સન્માનપત્ર, નાણાકીય લાભ અંગેના ચેક તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. તેમજ તેમના કાર્યકાળ દરમ્યાનના અનુભવો અને સંસ્મરણો વાગોળવામાં આવેલ.

નિવૃત્ત થઇ રહેલ મુખ્ય ઈજનેર શ્રી પી.બી. પંડ્યા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ ખાતે એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર (ટેક.) તરીકે ફરજ બજાવતા શ્રી એચ.પી. કોઠારી દ્વારા મોકલવામાં આવેલ નિવૃત્તિ અંગેના શુભેચ્છા સંદેશનું પઠન કરવામાં આવેલ.

વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (પાલનપુર) શ્રી એલ.એ. ગઢવી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી દ્વારા તેમના કાર્યકાળ દરમ્યાનના અનુભવો અને સંસ્મરણો વાગોળવામાં આવીને તેમની કાર્યક્ષમતાને બિરદાવેલ.

શ્રી આર.પી. પટેલે પોતાની કારકિર્દીની શરૂઆત જુનિયર ઈજનેર તરીકે પાલનપુર ખાતે ૫મી મે ૧૯૮૭ના રોજ શરૂ કરેલ ત્યારબાદ કડી વિભાગીય કચેરી, કડી લેબોરેટરી, કડી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, કલોલ લેબોરેટરી ખાતે ફરજ બજાવ્યા બાદ તારીખ ૨૪ માર્ચ, ૨૦૦૦ના રોજ નાયબ ઈજનેર તરીકે અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડના મહેસાણા ઝોન ખાતે બઢતી મેળવેલ. નાયબ ઈજનેર તરીકે ત્યારબાદ ડીસા ટાઉન, બોપલ પેટાવિભાગીય, ગાંધીનગર વિભાગીય કચેરી, ચિલોડા પેટાવિભાગીય કચેરી-૧ તેમજ સાબરમતી સર્કલ ખાતે આઈ.સી. સ્કવોર્ડમાં ફરજ બજાવ્યા બાદ

તારીખ ૧૭-૦૯-૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી કોર્પોરેટ ઓફિસ ખાતે મેળવેલ. તારીખ ૦૧-૦૭-૨૦૧૯ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે બઢતી મેળવેલ જ્યાં નિવૃત્તિની તારીખ ૩૧-૦૩-૨૦૨૨ સુધી તેઓશ્રીએ ફરજ બજાવેલ છે.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી આર.પી. પટેલ અધિક્ષક ઈજનેરે પોતાની કારકિર્દી દરમ્યાન સહકાર આપનાર તમામ કર્મચારીઓનો આભાર માનેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી પી.બી. પંડ્યાએ જણાવેલ કે, તારીખ ૩૧-૦૩-૨૦૨૨ના રોજ વયમર્યાદાને લીધે મુખ્ય ઈજનેર (ઓપરેશન)ના હોદ્દા ઉપરથી નિવૃત્ત થઇ રહેલ છું. બી.ઈ. (ઈલેક્ટ્રીકલ) કર્યા બાદ તારીખ ૧૦-૦૭-૧૯૮૭ના રોજ અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડમાં જુનિયર ઈજનેર તરીકે મારી કારકિર્દીની શરૂઆત ડીસા (આર.ઈ.સી.) પેટાવિભાગીય કચેરી ખાતે શરૂ કરેલ. ત્યારબાદ ડીસા શહેર પેટાવિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૧૨-૧૦- ૧૯૯૧ના રોજ નાયબ ઈજનેર તરીકે ડીસા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતે બઢતી મેળવ્યા બાદ ડીસા વિભાગીય કચેરી, પાલનપુર વર્તુળ કચેરી, ખેરાલુ પેટાવિભાગીય કચેરી, વિસનગર વિભાગીય કચેરી, કડી પેટાવિભાગીય કચેરી-૧ તેમજ કડી વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવ્યા બાદ તારીખ ૦૧-૦૭-૨૦૧૦ના રોજ ભિલોડા વિભાગીય કચેરી ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મેળવેલ. ત્યારબાદ કલોલ વિભાગીય કચેરી ખાતે પણ ફરજ બજાવેલ. તારીખ ૧૪-૦૭-૨૦૧૪ના રોજ અધિક્ષક ઈજનેર (કોમર્સ) તરીકે રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે બઢતી મેળવેલ અને કંપનીના હિતમાં પાલનપુર વર્તુળ કચેરી અને અધિક્ષક ઈજનેર (ડી.એસ.એમ.) ખાતે કામગીરી કરવાનો લાભ મળેલ. તારીખ ૧૭-૧૦-૨૦૧૬ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે બઢતી મેળવેલ. તારીખ ૨૧-૦૯-૨૦૧૭ના રોજથી મુખ્ય ઈજનેર (પ્લાનિંગ એન્ડ પ્રોક્યોરમેન્ટ) તરીકે તેમજ તારીખ ૦૫-૦૮-૨૦૧૯ના રોજથી આજદિન એટલે કે તારીખ ૩૧.૦૩.૨૦૨૨ના રોજ સુધી મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે મને કામગીરી કરવાની અમુલ્ય તક પ્રાપ્ત થયેલ છે જે માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું.

મારી કુલ ૩૫ વર્ષની નોકરી દરમ્યાન કુલ ૧૮ વર્ષ અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડ અને ૧૭ વર્ષ હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં કામગીરી કરવાની મને અમુલ્ય તક સાંપડેલ છે.

તારીખ ૦૧-૦૪-૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં પુનર્ગઠન બાદ આવેલ પડકારો ઝીલવાના સાક્ષી તરીકે મને પડકાર યુક્ત કામગીરી કરવાનો મોકો મળેલ છે જે માટે હું ધન્યતા અનુભવું છું. મારા કાર્યકાળ દરમ્યાન કંપનીએ વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે આઠ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્‌ઝ જેવાકે સી.બી.આઈ.પી એવોર્ડ્‌ઝ-૨૦૨૦, સ્કોચ એવોર્ડ્‌ઝ-૨૦૨૦, ૮મો ઇનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડ્‌ઝ ફોર ડિસ્કોમ-૨૦૨૦, રેન્ક ૩ અન્ડર કેટેગરી ઓફ ઈ (પેર્ફોર્મેન્સ ઇમ્પ્રૂવમેન્ટ), કેટેગરી ઓફ બી (એફીશીયન્ટ ઓપરેશન્સ), કેટેગરી ઓફ સી (ક્વોલીટી ઓફ સર્વિસ એન્ડ કસ્ટમર ઇમ્પ્રૂવમેન્ટ), નેશનલ એબિલીટી એવોર્ડ્‌ઝ-૨૦૨૧ (ફોર એનર્જી કન્ઝર્વેશન એન્ડ અવેરનેસ), ગ્રીન ઊર્જા એવોર્ડ્‌ઝ-૨૦૨૦ તેમજ નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્‌ઝ-૨૦૨૧ પ્રાપ્ત થયેલ છે જેનું મને ગૌરવ છે. વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૨ સુધી સતત A+ રેટિંગ પ્રાપ્ત કરીને કંપનીએ ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પોતાનું મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે જેનો મને સંતોષ છે. મારા કાર્યકાળ દરમ્યાન ટી.એન્ડડી. લોસીસી, મહેસુલી આવકની ૧૦૦ ટકા વસુલાત, ટ્રાન્સફોર્મર ફેઇલ્યોરના રેટમાં નોંધપાત્ર ઘટાડો, પાવર સપ્લાય રીલાયબીલીટી ઈન્ડાઈસીસમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. એચ.ટી/ઈ.એચ.ટી. ગ્રાહકોની એસેસમેન્ટમાં નોંધપાત્ર વધારો, મીટર ટેસ્ટિંગ એન્ડ કેલીબરેશનના કામ માટે એન.એ.બી.એલ. લેબોરેટરી સાબરમતી ખાતે થયેલ નોંધપાત્ર કામગીરી, સેન્ટ્રલાઈઝ કસ્ટમર કેર સેન્ટરની ઉત્કૃષ્ટ કામગીરી, ઊર્જા મિત્ર વેબ પોર્ટલ દ્વારા ગ્રાહકોને વીજવિતરણની કામગીરી માટે સતત માહિતગાર, ઉજ્જવલા યોજના દ્વારા એલ.ઈ.ડી. લાઈટનો ઉપયોગ કરવા માટેનો પ્રચાર પ્રસાર, ગ્રામ્ય વીજળીકરણ અંતર્ગત વિવિધ યોજનાઓનું સફળ અમલીકરણ, કિસાનસૂર્યોદયયોજનાનાસફળઅમલીકરણ માટે સરકારશ્રી દ્વારા સૂચિત બે તબક્કામાં કુલ પચ્ચાસ જેટલા જાહેર કાર્યક્રમોનું સફળ વ્યવસ્થાપન, બિનપરંપરાગત ઊર્જા કાર્યક્રમ અંતર્ગત સૂર્ય ગુજરાત યોજના અન્વયે સોલાર રૂફ ટોપ, પી.એમ. કુસુમ યોજના, સોલાર એ.જી. પંપસેટ, સોલાર હોમલાઈટ વગેરે યોજનાઓનું સફળ અમલીકરણ અને સરકારી લક્ષ્યાંકોની પ્રાપ્તિ, જી.આઈ.ડી.સી. ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ઈલેક્ટ્રીફીકેશનનું અમલીકરણ, સ્કાડા અને સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટનું અમલીકરણ, ભારત સરકારની આર.એ.પી.ડી.આર.પી. એ અને બી યોજનાઓનું અમલીકરણ, ભારત સરકારની આઈ.પી.ડી.એસ. અને ડી.ડી.યુ.જી. જે.વાય. યોજનાનું અમલીકરણ, ક્વોલીટી કંટ્રોલ સેલ દ્વારા કંપની દ્વારા ખરીદવામાં


સન્માન


સન્માન


સન્માન

આવતી માલસામગ્રીનું અસરકારક ટેસ્ટિંગ, આઈ.ટી. સેક્શન દ્વારા કરવામાં આવી રહેલ મહત્વની કામગીરી ઉપરાંત એચ.આર. વિભાગ દ્વારા કર્મચારીઓ માટે કરવામાં આવી રહેલ નિમણૂંક, બઢતી, બદલી અંગેની અસરકારક કામગીરી, સિવિલ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ કંપનીના અધ્યતન નવીન મકાનો અંગેની કામગીરી વગેરે સંતોષકારક રીતે કરી હોવાનું ગૌરવ અનુભવું છું.



સન્માન



સન્માન

મિત્રો, છેલ્લા બે વર્ષ દરમ્યાન કોરોનાની મહામારીને લીધે કામગીરી અંગેના ઊભા થયેલા પડકારોનો સામનો કરવા માટે નાનામાં નાના હેલ્પરથી માંડી ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી તરફથી મને મળેલ સાથ અને સહકાર માટે સર્વેનું હૃદયપૂર્વક આભાર માનું છું. ૩૫ વર્ષની કારકિર્દી દરમ્યાન મને સાથ આપનાર સહકર્મચારીઓ ઉપરાંત ઉચ્ચઅધિકારીઓને યાદ કરીને સાચા હૃદયથી આભારની લાગણી વ્યક્ત કરું છું. મારા કાર્યકાળ દરમ્યાન મેં નિષ્ઠાપૂર્વક પ્રયત્નો હાથ ધરીને અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડ અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં સફળ કામગીરી કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. મારા કાર્યકાળ દરમ્યાન કંપનીના હિત માટે જો કોઈ કર્મચારીઓ તેમજ ઉચ્ચઅધિકારીઓનું મનદુઃખ થયું હોય તો હું હૃદયપૂર્વક માફી માંગીને દિલગીરી વ્યક્ત કરું છું. હું સંસ્થામાંથી નિવૃત્ત થઇ રહેલ છું પરંતુ મારા હૃદયમાં આપ સર્વેએ આપેલ સાથ અને સહકારની યાદો સતત ચિરંજીવ રહીશ તેવી ખાતરી આપું છું.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ બંને અધિકારીઓના કિમતી અનુભવોની ખોટ પડશે તેવું જણાવી તેઓના નિવૃત્તિ બાદનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિમય રહે તે માટે શુભેચ્છા પાઠવેલ.

કાર્યક્રમના અંતમાં વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિએ તાજેતરમાં મુખ્ય ઈજનેર તરીકેની બઢતી માટે લેવાયેલ ઈન્ટરવ્યૂનું પરિણામ જાહેર કરતા પ્રથમ નંબરે શ્રી એલ.એ. ગઢવી, દ્વિતિય નંબરે શ્રી જે.કે. દરજી, તૃતીય નંબરે શ્રી જી.એચ. એન્જિનીયરની પસંદગી થયેલ છે તેવું જણાવતા ઉપસ્થિત તમામ કર્મચારીઓએ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવીને તાલીઓના ગડગડાટથી પસંદગીને વધાવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે શ્રી એલ.એ. ગઢવીને ઓર્ડર સુપ્રત કરેલ. અંતમાં તમામ ઉપસ્થિત કર્મચારીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી સવિતાબેન પુરોહિતે કરેલ. ■

# ભાદરા ચેકડેમ રીનોવેશન પ્રોજેક્ટનું લોકાર્પણ

પોતાના માનવંતા ગ્રાહકોને સતત વિનાવિક્ષેપે વીજ-વિતરણ કરતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે કેન્દ્ર સરકારના નિયમોને આધિન વર્ષાંતે પ્રાપ્ત થયેલ નફામાંથી “કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી” યાને સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની હોય છે. જેના ભાગરૂપે તારીખ ૨૦-૦૪-૨૦૨૨ના રોજ ડીસા તાલુકામાં આવેલ ભાદરા ચેકડેમ રીનોવેશન પ્રોજેક્ટનું લોકાર્પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના વરદ્ હસ્તે મુખ્ય ઈજનેર શ્રી એલ.એ. ગઢવી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, અધિક્ષક ઈજનેર સિવિલ શ્રી એમ.પી. સાક્ય તથા ખેડૂત આગેવાનો અને લાભાર્થી ખેડૂતોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી દ્વારા સદર ચેકડેમ કુલ રૂપિયા ૧૯.૪૩ લાખની





કિંમતમાં પૂર્ણ કરવામાં આવેલ છે. કુલ ૧૫ હેક્ટર વિસ્તાર તથા ૭ લાખ ક્યુબીક ક્ષમતા ધરાવતા આ ચેકડેમથી કુલ ૭૦ જેટલા ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે.

લાભાર્થી ખેડૂતો દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીનું શાલ ઓઢાડી, પાઘડી પહેરાવી તેમજ બૂકે અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકેલ ત્યારબાદ તક્તિનું અનાવરણ કરી ચેકડેમનું લોકાર્પણ કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ લાભાર્થી ખેડૂતોને શુભેચ્છા આપી અભિનંદન પાઠવતા જણાવેલ કે, “જળ એજ જીવન છે” તે સૂત્રને ચરિતાર્થ કરી લોકાર્પણ કરવામાં આવેલ ચેકડેમનું જતન કરવા અનુરોધ કરેલ તેમજ ચોમાસા બાદ ભરાયેલ પાણીથી પાણીના તળ વધુ ઊંચા આવે તેની નોંધ લઇને પ્રતિભાવ આપવા વિનંતી કરેલ જેથી ભવિષ્યમાં કંપની દ્વારા આવા પ્રોજેક્ટનું વધુ સારી રીતે અમલીકરણ થઇ શકે. મુખ્ય ઈજનેર શ્રી એલ.એ. ગઢવીએ પણ પોતાના ઉદ્‌બોધનમાં લાભાર્થી ખેડૂતોને અભિનંદન પાઠવેલ. ■

### ભારત સરકાર દ્વારા રીવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ અંતર્ગત ભારતના પ્રથમ રાજય તરીકે

# ગુજરાત સરકારને ફાળવવામાં આવેલ નાણા પૈકી રૂપિયા ૩,૫૨૭ કરોડ યુજીવીસીએલને ફાળવ્યા

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વખતો વખત પોતાના માનવંતા ગ્રાહકોને વધુ સારી વીજ-વિતરણ વ્યવસ્થા પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો દરેક ક્ષેત્રમાં હાથ ધરવામાં આવ્યા છે જેને પરિણામે ભારત સરકાર દ્વારા ગ્રાહકલક્ષી અભિગમ માટેની યોજનાઓનું અમલીકરણ કરવાનું હોય ત્યારે ગુજરાતમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ઉપર કળશ ઢોળવામાં આવે છે અને અવનવી ગ્રાહકલક્ષી યોજનાના અમલીકરણ બાદ તેના પરિણામોની સમીક્ષા કરવામાં આવતી હોય છે અને ત્યારબાદ દેશના અન્ય રાજ્યોની વીજ-વિતરણ કંપનીઓમાં અમલ કરવા અંગેના નિર્ણયને સફળતા પૂર્વક અમલમાં મુકવાની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે.




ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના માનવંતા ગ્રાહકોને સહર્ષ જણાવવાનું કે, ભારત સરકારના ઊર્જા વિભાગ દ્વારા રીવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ જાહેર કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ મહેસાણાને કુલ ૩,૫૨૭.૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ છે જે પૈકી રૂ. ૨,૨૫૫.૭૬ (અંકે રૂપિયા બે હજાર બસો પંચાવન કરોડ અને છોતેર લાખ)ની કિંમતના સ્માર્ટ મીટર માટે અને રૂ. ૧,૨૪૩.૮૩ (અંકે રૂપિયા એક હજાર બસ્સો તેતાલીસ કરોડ અને ત્યાસી લાખ)ની કિમંતની વીજખાધ ઘટાડવા તેમજ વીજમાળખાને મજબુત કરવા સારું તા. ૨૪-૦૩-૨૦૨૨ના રોજ મંજુર કરવામાં આવેલ છે.

સદર યોજનામાં આગામી પાંચ વર્ષમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ગ્રાહકોના વીજ સ્થાપન પર સ્માર્ટ પ્રી-પેઈડ મીટર લગાડવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં દરેક ફીડર તેમજ શહેરી વિસ્તારના ટ્રાન્સફોર્મર પર પણ સ્માર્ટ મીટર લગાડવામાં આવશે. ગ્રાહકોને સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો મળી રહે તે માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબા હેઠળના તમામ જિલ્લાના મુખ્ય મથકો જેવા કે, મહેસાણા, પાલનપુર, પાટણ, હિમ્મતનગર, મોડાસા તેમજ અમદાવાદ જિલ્લાના ફરતે આવેલા શેલા, બોપલ, શીલજ, ચાંદખેડા, મોટેરા તેમજ ગાંધીનગર અર્બન વિભાગીય કચેરી હસ્તકના કુડાસણ, સરગાસણ, અડાલજ વિસ્તારમાં વીજકેબલના માળખાને સુદ્રઢ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. દરેક તાલુકા મથકના વીજરેષાઓને રીંગ મેઈન યુનિટ દ્વારા ઈન્ટરલીંક કરવાનું પણ આયોજન હાથ ધરેલ છે.

વધુમાં યોજનામાં સમગ્ર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રમાં ટ્રાન્સમીશન સીસ્ટમને મજબુત કરવા નવીન આઠ સબસ્ટેશનો તેમજ ૩૫ જેટલા સબસ્ટેશનની ક્ષમતા વધારવાનું આયોજન કરવામાં આવેલ છે. તદુપરાંત, સદર યોજનામાં અન્ય કામો જેવા કે, ફીડર બાયફરકેશન, ક્રોસિંગ દૂર કરવા, અંદાજે ૧૩૭૬ જેટલા જુના ટ્રાન્સફોર્મર બદલવા તેમજ અર્થિંગ કરવાના કામોનું પણ આયોજન કરવામાં આવેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના હસ્તકના તમામ શહેરી વિસ્તારોમાં બેસિક સુપરવાઈઝરી કંટ્રોલ અને ડેટા એક્વિઝિશન સિસ્ટમ તેમજ મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારમાં સુપરવાઈઝરી કંટ્રોલ અને ડેટા એક્વિઝિશન સિસ્ટમનું અમલીકરણ કરવાનું આયોજન કરેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેના **માનવંતા ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ** આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા હમેશાં કટિબધ્ધ છે. સદર યોજનાના સફળ અમલીકરણ બાદ ગ્રાહકોને વીજ-વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા આપવાની નેમ ધરાવે છે. ■

## મહેસાણા કોર્પોરેટ તથા સર્કલ ઓફિસ દ્વારા મહિલા દિનની ઉજવણી

તા. ૮-૩-૨૦૨૨ના રોજ આંતર રાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણીના ભાગ રૂપે મહેસાણા કોર્પોરેટ ઓફિસ તથા સર્કલ ઓફિસમાં ફરજ બજાવતી બહેનો દ્વારા માઉન્ટ આબુ તથા બ્લીસ વોટર પાર્ક ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. ■



## વીજ-બચત કરીને છેવાડાના ગ્રાહક સુધી


# વીજ-વિતરણનો લાભ મળે તેવા પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મરનું સંશોધન કરી યુજીવીસીએલએ પેટન્ટ મેળવ્યો

### માનવંતા ગ્રાહકોને સુદ્રઢ વીજ-વિતરણ વ્યવસ્થા મળે તે માટે વધુ એક સફળ પ્રયાસ...

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પોતાના **માનવંતા ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ** આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા વિવિધ ક્ષેત્રમાં અવનવા સંશોધનો કરીને વીજ-વિતરણ વ્યવસ્થા સુદ્રઢ કરવાનો સતત પ્રયત્ન કરી રહેલ છે.

જ્યોતિગ્રામ યોજનાના સફળ અમલીકરણ માટે ફાર્મહાઉસ અને છુટા છવાયા રહેણાંકના વિસ્તારમાં સતત ૨૪ કલાક વીજ-પૂરવઠો પૂરો પાડવા માટે સ્પેશ્યલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (એસ.ડી.ટી.)નું સંશોધન કરનાર તેમજ ERDA દ્વારા પ્રમાણિત હોય તેવી ભારતમાં પ્રથમ વીજ-વિતરણ કંપની બનેલ. કંપની દ્વારા સદર ટ્રાન્સફોર્મર્સ ભારતના જુદા જુદા રાજ્યો જેવાકે રાજસ્થાન, મહારાષ્ટ્ર, હરિયાણા જેવા રાજ્યોમાં કાર્યરત કરેલ છે.

સ્પેશ્યલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોર્મરને વધુ સલામત, વધુ અદ્યતન, વધુ કાર્યક્ષમ તથા ક્ષમતા વધારવા માટે સતત સંશોધનો કરવામાં આવી રહેલ જેના ફળ સ્વરૂપે પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT) નો આવિષ્કાર કરીને વધુ એક સફળ પ્રયાસ કરવામાં આવેલ. તાજેતરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વધુ એક આવિષ્કાર કરવામાં આવેલ છે જેનાથી વીજ-બચત થઇ શકે તેમ છે. સદર આવિષ્કારને "AN ENERGY CONSERVATION SYSTEM WITH A PLANNED LOAD SHADDING TRANSFORMER" તરીકે ઓળખવામાં આવે છે. કેન્દ્ર સરકારના પેટન્ટ કાર્યાલય દ્વારા એપ્લીકેશન નંબર 3073/NUM/2012ને અનુલક્ષીને પેટન્ટ નંબર 494345 તારીખ ૨૦-૧૦-૨૦૧૨ના રોજથી ૨૦ વર્ષ માટે પેટન્ટની નોંધણી કરવામાં આવેલ છે, જેનું પ્રમાણપત્ર યુજીવીસીએલને તારીખ ૦૬-૦૪-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.


क्रमांक : 022117663
SL No :

भारत सरकार
GOVERNMENT OF INDIA
पेटेंट कार्यालय
THE PATENT OFFICE
पेटेंट प्रमाणपत्र
PATENT CERTIFICATE
(Rule 74 Of The Patents Rules)

पेटेंट सं. / Patent No. : 394345
आवेदन सं. / Application No. : 3072/MUM/2012
फाइल करने की तारीख / Date of Filing : 20/10/2012
पेटेंटी / Patentee : Uttar Gujarat Vij Company Ltd (UGVCL)

प्रमाणित किया जाता है कि पेटेंटी को उपरोक्त आवेदन में यथाप्रकटित AN ENERGY CONSERVATION SYSTEM WITH A PLANNED LOAD SHEDDING TRANSFORMER नामक आविष्कार के लिए, पेटेंट अधिनियम, १९७० के उपबंधों के अनुसार आज तारीख 20th day of October 2012 से बीस वर्ष की अवधि के लिए पेटेंट अनुदत्त किया गया है।

It is hereby certified that a patent has been granted to the patentee for an invention entitled AN ENERGY CONSERVATION SYSTEM WITH A PLANNED LOAD SHEDDING TRANSFORMER as disclosed in the above mentioned application for the term of 20 years from the 20th day of October 2012 in accordance with the provisions of the Patents Act,1970.

अनुदान की तारीख : 06/04/2022
Date of Grant :

पेटेंट नियंत्रक
Controller of Patent

टिप्पणी - इस पेटेंट के नवीकरण के लिए फीस, यदि इसे बनाए रखा जाना है, **20th day of October 2014** को और उसके पश्चात प्रत्येक वर्ष मे उसी दिन देय होगी।
Note. - The fees for renewal of this patent, if it is to be maintained will fall / has fallen due on 20th day of October 2014 and on the same day in every year thereafter.



પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT) ની ડિઝાઈન તથા પેટન્ટ મેળવવા બદલ યુજીવીસીએલના કાર્યક્ષમ અને કર્મઠ નિવૃત્ત વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી આર.બી. પટેલ તેમજ નિષ્ણાંત તજજ્ઞોની ટીમ દ્વારા અથાગ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ જેના થકી છુટા છવાયા ખેતર અને ફાર્મહાઉસ વિસ્તારમાં રહેતા અસંખ્ય પરિવારોના જીવનમાં અજવાળું ફેલાયેલ છે.

સદર ટ્રાન્સફોર્મરનો ઉપયોગ અન્ય રાજ્યો દ્વારા પણ કરવામાં આવી રહ્યો છે અને જેની રોયલ્ટી ઉત્તર ગુજરાત વીજ કંપનીને મળેલ છે. આમ સરકાર હસ્તકની વીજકંપની દ્વારા આવું સંશોધન કરવામાં આવ્યું હોય અને અન્ય રાજ્યો દ્વારા તેને અપનાવવામાં આવ્યું હોય અને તેની રોયલ્ટી પણ મળી હોય તેવી સમગ્ર રાષ્ટ્રમાં ઉત્તર ગુજરાત વીજ કંપની પ્રથમ કંપની બની છે. ઉત્તર ગુજરાત વીજ કંપની ઉપરોક્ત સંશોધન માટે ગર્વની લાગણી અનુભવે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પોતાના માનવંતા વીજ-ગ્રાહકોને વધુ સારી વીજ-વિતરણ વ્યવસ્થા પૂરી પાડવાના ભાગરૂપે રજીસ્ટર્ડ થયેલ પેટન્ટ અંગે કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી પ્રભવ જોશી દ્વારા પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરવામાં આવેલ છે અને સંશોધનાત્મક ક્ષેત્રે કરવામાં આવેલ કામગીરી સંલગ્ન તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન આપી ભવિષ્યમાં પણ આવી સંશોધનાત્મક પ્રવૃત્તિઓ થકી વીજ-વિતરણ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા સતત પ્રયત્નશીલ રહેવા માટે અનુરોધ કરેલ. ■

# “પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મર”ની સંશોધક ટીમનો સન્માન સમારંભ








તારીખ ૧૮-૦૪-૨૦૨૨ના રોજ રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે “પ્લાન્ડ લોડ શેડિંગ ટ્રાન્સફોર્મર”ની સંશોધક ટીમના સભ્યો શ્રી આર. બી. પટેલ, નિવૃત્ત વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એસ. એ. પટેલ, નિવૃત્ત વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એ.આર. વખારીયા, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર, શ્રી એસ.પી. પટેલ, નિવૃત્ત અધિક્ષક ઇજનેર, સ્વર્ગસ્થ શ્રી પી. આર. ચૌધરી, જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર અને સ્વર્ગસ્થ શ્રી જી. આર. પટેલ, નાયબ ઇજનેરના સન્માન સમારંભનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં કંપનીના મુખ્ય ઈજનેર (પી) શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (ઓ.પી.) શ્રી એલ.એ. ગઢવી, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી રાજેન્દ્ર જૈન, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ. પુષ્પગુચ્છ, શાલ તેમજ સન્માનપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ.

સ્વાગત પ્રવચનમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એલ.એ. ગઢવી દ્વારા સન્માન માટે ઉપસ્થિત મહાનુભાવોને શબ્દોથી આવકારીને તેઓની કામગીરીની મુક્તકંઠે પ્રસંશા કરી કામગીરીને બિરદાવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં સંશોધનના સુત્રધાર એવા શ્રી આર. બી. પટેલે સંશોધનની જરૂરિયાત શા માટે પડી અને સંશોધન દરમ્યાનના પડકારો ઝીલી યુજીવીસીએલના સત્તાધીશો દ્વારા આપવામાં આવેલ સહયોગની સંપૂર્ણ ગાથા રજૂ કરી નિવૃત્ત થયાને વર્ષો વીતી ગયા હોવા છતાં તેઓની ટીમની કામગીરીને બિરદાવવાનો અમૂલ્ય લ્હાવો પ્રાપ્ત થયો તે માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો પોતાની ટીમ વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ સંશોધક ટીમ દ્વારા પોતાના રોજિંદા કામ ઉપરાંત જ્યોતિગ્રામ યોજના અન્વયે છુટાછવાયા વસવાટોમાં વીજ-વિતરણની વ્યવસ્થા સુચારુરૂપે જળવાય તે માટે કરેલ મનોમંથન અને તેના પરિપાકરૂપે સદર ટ્રાન્સફોર્મરના સંશોધનની ઘટનાને બિરદાવેલ. કંપનીના વર્તમાન કર્મચારીઓને આ સંશોધનમાંથી શીખ મેળવી પોતાના રોજિંદા કામ ઉપરાંત ગ્રાહકોના તથા કંપનીના હિતમાં વિશેષ પ્રવૃત્તિઓ કરવા અનુરોધ કરેલ. તમામ ટીમના સભ્યોની કામગીરી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હૃદયપૂર્વક અભિનંદન પાઠવેલ.

કાર્યક્રમના અંતમાં વિશેષ મુખ્ય ઈજનેરશ્રી જે.કે. દરજીએ સંશોધક ટીમના સભ્યો તથા સન્માન સમારંભને સફળ બનાવવા માટે ઉપસ્થિત કંપનીના ઉચ્ચ-સત્તાધીશોનો તેમજ અધિકારીઓનો આભાર વ્યક્ત કરી સંશોધક ટીમની પ્રસંશા કરી અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરેલ.

કાર્યક્રમ બાદ ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી તથા સંશોધક ટીમના શ્રી આર.બી. પટેલનો ઈન્ટરવ્યૂ લઈને સંશોધન કરેલ ટ્રાન્સફોર્મર અંગે વિશેષ માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ. ■

# અભિનંદન ગુજરાત સરકાર અને ઊર્જા વિભાગની ટીમને

નીતિ આયોગના રાજ્ય ઊર્જા અને જલવાયૂ સૂચકાંકમાં ગુજરાતે મોટા રાજ્યોમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. મોટા રાજ્યોની શ્રેણીમાં ગુજરાત ૫૦.૧ માર્કસ સાથે ટોચ પર છે.

**તમામ રાજ્યોની રેન્કિંગ જાહેર :** આ સૂચકાંકનો હેતુ છ પરિમાણો પર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્કિંગ કરવાનો છે, જેમાં પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓની કામગીરી, ઊર્જા કાર્યક્ષમતા અને ઊર્જાની પહોંચનો સમાવેશ થાય છે. નીતિ આયોગના રિપોર્ટ પ્રમાણે ગુજરાત બાદ આ યાદીમાં નાના રાજ્યોમાં ગોવા સૂચકાંકમાં સૌથી ઉપર છે. ત્યારબાદ ત્રિપુરા અને મણિપુરનો નંબર છે.

**આ પરિમાણો પર મળે છે રેન્કિંગ :** SECI ચક્ર-૧નો હેતુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને છ માપદંડો પર ક્રમાંકિત કરવાનો છે. આ પરિમાણોમાં (૧) પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ (ડિસ્કોમ્સ)નું પ્રદર્શન (૨) ઊર્જાનો વપરાશ, પરવડે તેવી ક્ષમતા અને વિશ્વસનીયતા (૩) સ્વચ્છ ઊર્જા પહેલ (૪) ઊર્જા કાર્યક્ષમતા (૫) ટકાઉ પર્યાવરણ અને (૬) નવી પહેલોનો સમાવેશ થાય છે. આ પરિમાણોમાં કુલ ૨૭ સૂચકાંકોનો સમાવેશ થાય છે. ■

# તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૨ના રોજ અઢારમા કંપની દિનની ઉજવણી



લોકાર્પણ



લોકાર્પણ




રક્તદાન

તારીખ ૦૧-૦૪-૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના તારીખ ૦૧લી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ૧૮મા કંપની દિનની ઉજવણી અંગેના કાર્યક્રમનું આયોજન કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે કરવામાં આવેલ જે અંતર્ગત કેમ્પસ ખાતે આવેલ કેન્ટીન તેમજ રીક્રીએશન ક્લબનું લોકાર્પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના વરદ્ હસ્તે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એલ.એ. ગઢવી, મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી જે.કે. દરજી, શ્રી જી.એચ. એન્જિનીયર, શ્રી વી.એચ. ઠાકર, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ તેમજ ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ ત્યારબાદ મહાનુભાવોના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

નવીન બિલ્ડીંગમાં આવેલ કોન્ફરન્સ હોલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી, મુખ્ય ઈજનેર શ્રી વી.એમ. શ્રોફ તથા મુખ્ય ઈજનેર શ્રી એલ.એ. ગઢવી સહિતના કુલ ૪૫ જેટલા



વિમોચન

કર્મચારી અને અધિકારીઓ દ્વારા રક્તદાન કરીને **રક્તદાન મહાદાન**ના સૂત્રને ચરિતાર્થ કરી પ્રસંગને યથાર્થ સાબિત કરેલ.

જી.ઈ.કે.સી. મહેસાણા ખાતેના હોલમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીનું છેલ્લા ૧૬ વર્ષથી સતત પ્રકાશિત થતું દ્વિમાસિક મુખપત્ર 'આપણું યુજીવીસીએલ'ના ૬૬માં અંકનું વિમોચન કરવામાં આવેલ. કોર્પોરેટ કોમ્યુનીકેશન સેલના વડા શ્રી જે.આર. ચૌધરી અને ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી શૈલેશ નાયક દ્વારા ૬૬માં અંકનું સંસ્કરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીને અર્પણ કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવેલ. કંપનીના તમામ કર્મચારીઓને તથા અધિકારીઓને ઇ-મેઈલ દ્વારા તેમજ વોટ્સએપ જેવા સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા પહોંચાડવામાં આવેલ જે અંગે કર્મચારીઓ દ્વારા હકારાત્મક પ્રતિસાદ પાઠવવામાં આવેલ. આપણું યુજીવીસીએલના માધ્યમથી કંપનીના કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો દ્વારા રમત-ગમત, શૈક્ષણિક તેમજ સામાજિક સિદ્ધિઓ, સન્માન અંગેના કાર્યક્રમો, શ્રદ્ધાંજલિ, કવિતાઓ, વાર્તાઓ, કંપનીમાં બનેલી મહત્ત્વની ઘટનાઓ તેમજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા મોકલવામાં આવતા સંદેશા રજૂ કરવામાં આવે છે જેને કંપનીના કર્મચારીઓ દ્વારા પ્રતિભાવ આપીને બિરદાવવામાં આવે છે.


આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ કંપનીના તમામ કર્મચારીઓને કંપની દિનની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે, કંપનીના તમામ કર્મચારીઓના સહિયારા પુરુષાર્થથી કંપની વિકાસના પંથે અવિરતપણે આગળ વધી રહી છે અને વિકાસ યાત્રા આગળ પણ ચાલતી રહેશે તે માટે શુભેચ્છાઓ પાઠવેલ. 'આપણું યુજીવીસીએલ' મેગેઝિનના માધ્યમ દ્વારા કંપનીના તમામ કર્મચારીઓ પોતાના વિચારો, અનુભવો અમે વિશિસ્ટ આવડત રજૂ કરવા માટે આહ્વાન કરેલ.

કંપની દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે કંપનીના તમામ કર્મચારીઓને આઈસ્ક્રીમ ખવડાવીને આનંદ અને ઉત્સાહભેર કંપની દિનની ઉજવણી કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■

# ઝીરો ટકા ડેબિટ એરિયસ કરવા બદલ સન્માન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વડગામમાં ઝીરો ટકા ડેબિટ એરિયસ કરેલા સ્ટાફ મિત્રોનું સન્માન કરી કંપની દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે આવતા નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવાની કામગીરીની દરેક સ્ટાફને માહિતી



નાયબ ઇજનેર, શ્રી અજયસિંહ સોલંકી દ્વારા મિટિંગમાં આપવામાં આવી અને દરેક સ્ટાફ મિત્રોનું શિલ્ડ તથા સન્માનપત્ર આપી આઇસક્રીમ વહેંચી કંપની દિવસની ગીતનું ગાન કરી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તમામ વડગામ વીજ કંપનીનો સ્ટાફ હાજર રહેલ. ■

# ગુજરાત વિધાનસભામાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રના ગાંધીનગરમાં ફીડર વિભાજન અંગે માહિતી આપતા માનનીય ઊર્જારાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ

ગાંધીનગરમાં ફીડર વિભાજન અંગે માનનીય ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ દ્વારા પુછાયેલ પ્રશ્ન અંગે માહિતી આપતા ઊર્જા રાજ્યમંત્રી માનનીય શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા જવાબ આપતા જણાવેલ કે...

- ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૦માં ૨૩ ફીડરો માટે રૂપિયા ૩૫૧.૮૯ લાખ ખર્ચ થયેલ છે જ્યારે વર્ષ ૨૦૨૧માં ૧૨ ફીડરો માટે રૂપિયા ૨૮૮.૧૨ લાખ ખર્ચ થયેલ છે. કુલ ૩૫ ફીડરો માટે રૂપિયા ૬૪૦ લાખનો ખર્ચ થયેલ છે.
- કલોલ તાલુકાની અંદર ૯ નવા ફીડરો માટે રૂપિયા ૧૧૯.૫૧ લાખનો ખર્ચ થયેલ છે જ્યારે વર્ષ ૨૦૨૧માં ૪ નવા ફીડરો માટે રૂપિયા ૧૬૬.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે આમ કુલ ૧૩ ફીડર માટે રૂપિયા ૨૮૫.૬૬ લાખનો ખર્ચ થયેલ છે.
- દહેગામ ખાતે વર્ષ ૨૦૨૦માં ૧૩ નવા ફીડરો માટે રૂપિયા ૧૭૫.૭૭ લાખનો ખર્ચ થયેલ છે જ્યારે વર્ષ ૨૦૨૧માં ૯ ફીડરો માટે રૂપિયા ૧૬૫.૨૮ લાખનો ખર્ચ થયેલ છે કુલ ૨૨ ફીડર માટે રૂપિયા ૩૪૧.૦૫ લાખનો ખર્ચ થયેલ છે.
- તે જ રીતે માણસા ખાતે વર્ષ ૨૦૨૦માં ૨ ફીડરો માટે રૂપિયા ૪૬.૨૭ લાખનો ખર્ચ થયેલ છે જ્યારે વર્ષ ૨૦૨૧માં ૧ ફીડર માટે રૂપિયા ૧૭.૬૭ લાખનો ખર્ચ કરેલ છે કુલ ૩ ફીડરો માટે રૂપિયા ૬૩.૯૪ લાખનો ખર્ચ થયેલ છે.
- સમગ્ર ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૪૭ ફીડરો રૂપિયા ૬૯૩.૪૪ લાખના ખર્ચે તેમજ વર્ષ ૨૦૨૧માં ૨૬ ફીડરો રૂપિયા ૬૩૭.૨૨ લાખના ખર્ચે આમ કુલ ૭૩ ફીડરો રૂપિયા ૧૩૩૦.૬૫ લાખના ખર્ચે થયેલ છે.
- તેમજ દહેગામ ખાતે વિભાગીય કચેરીનું આયોજન છે.



માનનીય ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર દ્વારા પુછાયેલ પ્રશ્ન અંગે રાજ્યમંત્રી માનનીય શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા જવાબ આપતા જણાવેલ કે...

- ગાંધીનગર જિલ્લામાં ખેતીવાડીમાં કુલ ૩૭ ફીડરો કરવામાં આવ્યા જેમાં ૮૪.૫૭ કિલોમીટરની નવી લાઈન રૂપિયા ૫૬૦.૦૯ લાખના ખર્ચે કરવામાં આવેલ.
- એ જ રીતે જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૯ ફીડરો કર્યા છે અને કુલ ૩૫.૧૮ કિલોમીટર નવીન લાઈન નાખેલ છે જેનો ખર્ચ રૂપિયા ૫૯૬ લાખ થયેલ છે.
- અર્બન વિભાગમાં ૧૪ ફીડરો કર્યા છે ૧૮.૮૮ કિલોમીટર નવીન લાઈન નાખેલ છે જેનો ખર્ચ રૂપિયા ૧૫૫.૮૬ લાખ થયેલ છે.
- ઈન્ડસ્ટ્રીયલ ફીડર માટે ૩.૧ કિલોમીટર લાઈન નાખેલ છે જેનો ખર્ચ રૂપિયા ૧૭.૮૯ લાખનો થયેલ છે.
- આમ ગાંધીનગર જિલ્લાની અંદર કુલ ૭૩ ફીડરો ૧૪૧.૭૨ કિલોમીટર નવીન લાઈન નાખેલ છે જેનો ખર્ચ રૂપિયા ૧૩૩૦.૬૫ લાખ થયેલ છે. ■

# આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત એક જ દિવસમાં ૩૧૧૦ વીજ-જોડાણો આપવામાં આવ્યા

ભારતના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણા દેશને આઝાદી મળ્યાને પંચોતેર વર્ષ પૂર્ણ થતાં આઝાદીકા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત તમામ ક્ષેત્રમાં વિશેષ કામગીરી કરીને ઉજવણી કરવા માટે આહ્વાન કરેલ છે. જેના અનુસંધાનમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વિવિધ કામગીરીઓ હાથ ધરવાનું આયોજન કરેલ છે. જેના ભાગ રૂપે તારીખ ૧૧-૦૩-૨૦૨૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્ર હેઠળની હિંમતનગર, મહેસાણા, પાલનપુર, સાબરમતી વર્તુળ કચેરીના તાબા હેઠળ પોતાના માનવંતા ગ્રાહકોને લાભાન્વિત કરવા માટે વિવિધ યોજનાઓ હેઠળ વીજ-જોડાણો આપવાનું આયોજન કરેલ જે અંતર્ગત નોર્મલ ડેવલોપમેન્ટ સ્કીમ હેઠળ ૨૨૨૦, ઝુપડપટ્ટી યોજના હેઠળ ૬૪૦, ખાસ અંગભૂત યોજના હેઠળ ૨૨૩ અને કુટીર જ્યોતિ યોજના હેઠળ ૨૭ એમ કુલ મળીને ૩૧૧૦ વીજ-જોડાણો આપીને માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલ અનુરોધને સાર્થક કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરેલ છે. ■

# મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે કાર્યભાર સંભાળતા શ્રી એલ.એ. ગઢવી

તારીખ૦૧-૦૪-૨૦૨૨નારોજથી કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે બઢતી મેળવીને શ્રી એલ.એ. ગઢવીએ પોતાનો કાર્યભાર કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે સંભાળેલ છે.

તારીખ ૩૦-૧૧-૧૯૮૮ના રોજ પાલનપુર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતેથી જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર શ્રી ગઢવીએ ઇકબાલગઢ પેટાવિભાગીય કચેરી, પાલનપુર શહેર પેટાવિભાગીય કચેરી, પાલનપુર (એફ.એસ.), દાંતા આર.ઈ.સી. પેટાવિભાગીય કચેરી તરીકે સફળ કામગીરી કર્યા બાદ તારીખ ૨૧-૦૯-૧૯૯૮ના રોજ ગઢ પેટાવિભાગીય કચેરી તરીકે નાયબ ઇજનેર ગરીકે બઢતી મેળવ્યા બાદ પાલનપુર શહેર પેટાવિભાગીય કચેરીમાં ફરજ બજાવેલ, તારીખ ૦૧-૦૭-૨૦૧૩ના રોજ પાલનપુર વિભાગીય કચેરી-૨ ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મેળવેલ, તારીખ ૦૬-૦૨-૨૦૧૭ના રોજ પાલનપુર વર્તુળ કચેરી ખાતે અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવેલ ત્યારબાદ તારીખ ૦૧-૦૭-૨૦૧૯ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે પાલનપુર ખાતેજ બઢતી મેળવેલ, તારીખ ૦૧-૦૪-૨૦૨૨થી શ્રી ગઢવીએ પોતાના કાર્યકાળના આખરી પડાવમાં મુખ્ય ઈજનેર તરીકે કામગીરી શરુ કરેલ છે.



શ્રી એલ.એ. ગઢવી, કર્મનિષ્ઠ અધિકારી તરીકે સમગ્ર કર્મચારી આલમમાં તેમજ પાલનપુરના ગ્રાહકોમાં ખૂબ જ લોકપ્રિય અધિકારી તરીકેની ચાહના પ્રાપ્ત કરેલ છે. શ્રી ગઢવીએ પોતાની સંપૂર્ણ કારકિર્દી બનાસકાંઠાના વિવિધ પેટાવિભાગીય, વિભાગીય અને વર્તુળ કચેરી ખાતે બજાવેલ હોવાને લીધે બનાસકાંઠાના તમામ કેન્દ્રોમાં વીજ-વિતરણ અંગેની પરિસ્થિતિ માટે સંપૂર્ણ માહિતગાર છે જેને લીધે પાલનપુરમાં આવેલ વિનાશક પુર વખતે વીજ-વિતરણ વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવા માટે મહત્ત્વનું યોગદાન આપેલ જેને લીધે ખૂબ ઝડપથી વીજ-વિતરણ વ્યવસ્થા પુનઃ સ્થાપિત થઇ શકેલ અને ગુજરાત સરકારશ્રી દ્વારા તેની હકારાત્મક નોંધ લઈને તે કાર્યમાં રોકાયેલ તમામ કર્મચારીઓનું ગાંધીનગર ખાતે સન્માન સમારંભ યોજીને સન્માન કરવામાં આવેલ.

દર વર્ષે અંબાજી ખાતે યોજાતી ભાદરવી પૂનમમાં યોજાતા મેળાને સફળ બનાવવા માટે સુદ્રઢ વીજ-વિતરણ વ્યવસ્થાનું આયોજન કરી સફળ કામગીરી કરેલ છે. ઊંઝા ખાતે યોજાયેલ લક્ષચંડી યજ્ઞ વખતે ઊંઝા ઉમિયા સંસ્થાન દ્વારા માંગવામાં આવેલ ઐતિહાસિક વીજ-પુરવઠો પૂરો પાડવાની યશસ્વી કામગીરી કરીને પોતાની ક્ષમતા પુરવાર કરેલ છે.

પોતાની કારકિર્દીના આખરી પડાવમાં કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે મુખ્ય ઈજનેર તરીકે પોતાની મહત્ત્વની ભૂમિકા અસરકારક રીતે ભજવીને કંપનીના વિકાસની યશગાથામાં પોતાનો યોગદાન આપશે અને સફળ કામગીરી કરીને પોતાની સંપૂર્ણ સફળ કારકિર્દીને યથાર્થ સાબિત કરશે તેવી યુજીવીસીએલ પરિવાર અપેક્ષા રાખે છે અને તેઓશ્રીની ભાવિ યશસ્વી કામગીરી માટે શુભેચ્છા પાઠવી ખૂબ ખૂબ અભિનંદન આપે છે. ■

# સાબરમતી વર્કિંગ વુમેન એસોસિએશન દ્વારા મહિલા દિનની ઉજવણી





તારીખ ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલાદિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકની હિંમતનગર, મહેસાણા, સાબરમતી અને પાલનપુર વર્તુળ કચેરીની મહિલા કર્મચારીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત તારીખ ૦૮મી માર્ચ ૨૦૨૨ના રોજ સાબરમતી વર્કિંગ વુમેન એસોસિએશન દ્વારા સ્વપ્નસૃષ્ટી વોટર પાર્કની મુલાકાત લઈને ઉજવવામાં આવેલ.

જેમાં સાબરમતી વર્તુળ કચેરી હસ્તકની વિવિધ વિભાગીય કચેરીઓ અને પેટાવિભાગીય કચેરીની કુલ ૭૦થી વધુ મહિલા કર્મચારીઓએ ભાગ લીધેલ. વિવિધ એડવેન્ચર તથા રમતો રમી કુદરતના સાનિધ્યને માણી આખા દિવસને એક બીજાની સાથે રહીને યાદગાર બનાવેલ. ■

# નિવૃત્તિ બાદ કર્મચારીઓ માટે આર્થિક આયોજન અંગેનો સેમિનાર

ઉત્તર ગુજરાત વીજ કંપની લી. વર્તુળ કચેરી, હિંમતનગર દ્વારા તારીખ ૧૬/૦૩/૨૦૨૨ને બુધવારના રોજ હિંમતનગર તાલીમ કેન્દ્ર ખાતે નવેમ્બર ૨૦૨૨ સુધીમાં નિવૃત્ત થતાં હિંમતનગર વર્તુળ કચેરીના તમામ સંવર્ગના કર્મચારીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં કર્મચારીઓને નિવૃત્તિ બાદ તેમને મળતા નાણાકીય લાભોનું કેવી રીતે યોગ્ય આયોજન થઈ શકે કે જેથી તેઓ નિવૃત્તિ બાદના જીવનમાં કોઈના ઉપર નિર્ભરતા રાખ્યા વગર સ્વમાનભેર જીવન જીવવાનો આનંદ લઈ શકે.

આ કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઈજનેર, હિંમતનગરના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧:૦૦ વાગ્યે કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે મહેસાણા કોર્પોરેટ કચેરીથી પધારેલા શ્રી એન.બી. બલાત, નાયબ મહાપ્રબંધક (મા. સં.), નિવૃત્ત વિદ્યુત કર્મચારી મંડળના પ્રમુખ શ્રી કે.એચ. કવિ અને મંત્રી શ્રી જે.કે. પરમાર ઉપસ્થિત રહેલ. હિંમતનગર વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર, શ્રી એચ.જે. જોષી, હિંમતનગર વર્તુળ કચેરીના સહાયક સચિવ, શ્રી જે.એમ.રોય તથા કાર્યક્રમના વક્તા શ્રી જે.બી.જોષી તેમજ નિવૃત્ત થનારા તમામ કર્મચારીગણોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત બૂકેના રૂપમાં પુસ્તકની ભેટ આપી સર્વે મહેમાનો તથા વકતાના અભિવાદન સાથે કરવામાં આવેલ. ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી એન.બી. બલાતે પોતાનું અનુભવયુક્ત વક્તવ્ય આપી દરેક કર્મચારીઓને આર્થિક આયોજનનું મહત્ત્વ સમજાવેલ. શ્રી પી.સી. શાહે પણ પોતાની કારકિર્દી દરમિયાનના કેટલાક અનુભવો કે જેમાં યોગ્ય આયોજનના અભાવે નિવૃત્ત કર્મચારીની કેવી દુર્દશા થતી હોય છે તે સમજાવી નિવૃત્તિ બાદ પણ આર્થિક આયોજનનું કેટલું મહત્ત્વ રહેલું હોય છે તે અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારના વક્તા શ્રી જે.બી. જોષીએ પોતાનું વક્તવ્ય પાવર પોઈન્ટ પ્રેજેન્ટેશન, વીડિયો તેમજ પોતાના વર્ષોના અનુભવ સાથે રજૂ કરેલ જેમાં નિવૃત્તિ બાદ કઈ કઈ વિવિધ યોજનામાં પોતાની મૂડીનું રોકાણ કરે કે જેથી કરીને નિવૃત્ત કર્મચારી પોતાનું પાછલું જીવન આનંદ અને સુખમય રીતે પસાર કરી શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઉમદા કાર્યક્રમના આયોજનનો શુભ સંકલ્પ સૌપ્રથમ હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહને આવેલ હતો અને આ નવતર પ્રયોગ સૌપ્રથમવાર સમગ્ર યુજીવીસીએલ તેમજ જીયુવીએનએલમાં



હિંમતનગર ખાતે કરવામાં આવેલ. જેનો ઉમદા ઉદ્દેશ્ય એ હતો કે નિવૃત્ત થનાર દરેક કર્મચારીગણને પોતાની પાછળની જિંદગીમાં કોઈની સામે હાથ લંબાવવાની જરૂર ન પડે અને સુખ, શાંતિ અને આનંદ તથા સ્વમાન સાથે તેમનું જીવન પસાર કરે.

અંતમાં કાર્યક્રમની પૂર્ણાહૂતિ શ્રી જે.એમ. રોયે સર્વે મહેમાનો તથા કર્મચારીગણોની આભારવિધિ સાથે કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી ડી. આઈ. કુંપાવત, સિનિ. આસી. વર્તુળ કચેરી (મા.સં.) દ્વારા ખૂબ જ કુશળતા પૂર્વક કરવામાં આવેલ હતું. ■

# શ્રેષ્ઠ કામગીરી બદલ ગઢ કચેરી ખાતે કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ

પાલનપુર તાલુકાના ગઢ ખાતે આવેલી ઉત્તર ગુજરાત વીજ કંપનીની કચેરી ખાતે પાલનપુર વીજ કચેરીના કાર્યપાલક ઇજનેર, શ્રી વી.એ. અતીતના અધ્યક્ષસ્થાને વીજ કંપનીના કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર તમામ કર્મચારીઓને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહત્ત્વની વાત એ છે કે ગઢ કચેરી દ્વારા ૨૦૨૧ દરમિયાન વીજબીલની સંપૂર્ણ વસુલાત કરી ડેબિટ એરીયર્સ જીરો કરવામાં આવ્યું છે. ગઢ કચેરીના ડેપ્યુટી ઇજનેર, શ્રી દીપકભાઈ મેવાડા દ્વારા સ્ટાફ સાથે મળીને સરાહનીય કામગીરી કરતા



વર્તુળ કચેરીના અધિકારીઓ દ્વારા તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીશ્રીઓએ પ્રાસંગિક પ્રવચન દ્વારા કર્મચારીઓની કામગીરી બિરદાવવામાં આવેલ. ગઢ યુજીવીસીએલ કચેરીમાં વર્ષ દરમિયાન એક પણ અકસ્માતની ઘટના બનવા પામી નથી તેમજ કચેરીના તમામ પ્રકારના કામો વર્ષ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કચેરીના નાયબ ઇજનેર શ્રી દીપકભાઈ મેવાડા દ્વારા તેમના તમામ સ્ટાફની કામગીરીને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. પાલનપુર વર્તુળ કચેરીના અધિકારીઓ દ્વારા મળેલા સહયોગને લઈને તમામ અધિકારીશ્રીઓનો આભાર માનવામાં આવેલ.

આ પ્રસંગે પાલનપુર વર્તુળ કચેરીના કાર્યપાલક ઇજનેર, શ્રી વી.એ. અતીત, કાર્યપાલક ઇજનેર, શ્રી જી.બી. ત્રિવેદી, નાયબ ઇજનેર, શ્રી એમ.કે. હિરવાણીયા, નાયબ અધિક્ષક (હિસાબનીશ), શ્રી ડી.ડી. પટેલ અને શ્રી એચ.એમ. મોદી સહિત ગઢ કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. ■

# શ્રી પરાગભાઈ દેસાઈ, અધિક્ષક ઈજનેર (ક્વોલીટી કંટ્રોલ સેલ)ને ભાવભરી વિદાય











તારીખ ૩૦-૦૪-૨૦૨૨ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ શ્રી પરાગભાઈ દેસાઈ, અધિક્ષક ઈજનેરને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન કંપનીના મુખ્ય ઈજનેર (પી.), શ્રી વી.એમ. શ્રોફના અધ્યક્ષ સ્થાને શ્રી એલ.એ. ગઢવી, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી રાજેન્દ્ર જૈન, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા), શ્રી એન.એમ. જોશી, કંપની સેક્રેટરી તથા કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી પરાગભાઈ દેસાઈની કારકીર્દીની શરૂઆત તારીખ ૧૦-૦૪-૧૯૮૬ના રોજ જુનિયર ઈજનેર તરીકે મહેમદાવાદ વિભાગીય કચેરીમાં નિમણૂંકથી શરૂ થયેલ. ત્યારબાદ નડિયાદ વિભાગીય કચેરી ખાતે બદલી મેળવી તારીખ ૦૮-૦૩-૨૦૦૦ના રોજ નાયબ ઈજનેર તરીકે ખંભાળિયા વિભાગીય કચેરીમાં બઢતી મેળવેલ. નાયબ ઈજનેર તરીકે કલોલ શહેર પેટાવિભાગીય કચેરી, રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા, કલોલ વિભાગીય કચેરીમાં કામગીરી કર્યા બાદ તારીખ ૦૫-૦૬-૨૦૨૦ના રોજ કલોલ વિભાગીય કચરી ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મેળવેલ.

તારીખ ૦૮-૧૦-૨૦૨૦ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે બઢતી મેળવ્યા બાદ તારીખ ૩૦-૦૪-૨૦૨૨ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ છે. આમ કુલ ૩૬વર્ષ સુધી અગાઉનું જીઈબી અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં તેઓએ ફરજ બજાવેલ છે. ખૂબ શાંત અને શાલીન સ્વભાવ ધરાવતા શ્રી દેસાઈ ઉચ્ચઅધિકારીઓમાં ખૂબ માન ધરાવતા હતાં.

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી આર.સી. દેસાઈ, અધિક્ષક ઈજનેર, શ્રી વી.એચ. ઠાકર, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી કે.ડી. બારોટ, નાયબ ઈજનેર, શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી એન.એમ. જોશી, કંપની સેક્રેટરી, શ્રી એલ.એ. ગઢવી, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી.) દ્વારા શ્રી પરાગભાઈ દેસાઈની ટેકનીકલ બાબતમાં નિપુણતાને બિરદાવી તેમની સાથે બજાવેલ ફરજોના સંભારણા યાદ કરેલ અને નિવૃત્તિ માટે શુભેચ્છાઓ પાઠવેલ.

કંપની દ્વારા તેઓનું સન્માનપત્ર, શાલ અર્પણ કરીને, શ્રીફળ અને બૂકે આપીને, આર્થિક લાભોના ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ જેને ઉપસ્થિત કર્મચારીગણે તાળીઓના ગડગડાટથી વધાવેલ.

યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે. ■

## પ્રતિભાવ

આપણું યુજીવીસીએલ અંક નં. ૬૬ માહે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨નો અંક ખૂબ જ પ્રભાવિત કરે તેવો છે આપના અથાગ પરિશ્રમને અંક પ્રભાવિત બની શક્યો છે જે માટે તેને તો આદર આપવો જ રહ્યો, ખૂબ ખૂબ અભિનંદન, આપની પૂરી ટીમની મહેતને પ્રણામ, અસ્તુ...

**– શ્રી આર.સી. પંડ્યા,** ભૂતપૂર્વ નાયબ, અધિક્ષક (વહિવટ), કલોલ

Very good... Very Fine... Carry on and achieve the Goal which you Dream...

**શ્રી એસ.બી. લિમ્બાચીયા,**
નિવૃત્ત નાયબ ઈજનેર, મહેસાણા

Congratulations for Good Work For UGVCL Magazine.

**- Monaben Patel,** DE

Good work done by your team to highlight the company.

**શ્રી અમૃતલાલ,**
નિવૃત્ત કર્મચારી, મહેસાણા

Great and best Release, Congratulations.

**– શ્રી મનુભાઈ કે. સુથાર,**
નિવૃત્ત કર્મચારી, હિંમતનગર

ભારત સરકાર
નવીન અને નવીકરણીય
ઊર્જા મંત્રાલય

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ગુજરાત સરકાર

આઝાદીનો અમૃત મહોત્સવ

# પી.એમ. કુસુમ | ખેડૂતો માટેની યોજના

**પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવં ઉત્થાન મહાભિયાન (PM - KUSUM)**

**સૂર્ય ઊર્જાથી સિંચાઈ, ખેડૂતોનું રક્ષણ અને વધારાની કમાણી**



## પી.એમ. કુસુમ – એ

### અન્નદાતાથી ઊર્જાદાતા

- ખેડૂતો બિનઉપજાઉ જમીન ઉપર સોલાર પ્લાન્ટ સ્થાપિત કરીને કમાણી કરી શકે છે
- ૨૫ વર્ષ સુધી સૌરઊર્જાથી ઉત્પન્ન થતી વીજળી વીજ વિતરણ કંપનીને વેચવાની સુવિધા

## પી.એમ. કુસુમ – બી

### ડીઝલને બદલે સોલાર પંપ સ્થાપિત કરો

- ખેતીવાડી વીજ કનેકશન ન હોય ત્યાં સોલાર પંપ
- ખેડૂતને સોલાર પંપના ખર્ચની કિંમતનાં ૬૦ % સુધીની સબસીડી (૭.૫ હો.પા. સુધી મર્યાદિત)
- રાજ્ય સરકાર ધ્વારા વન વિસ્તારના ખેડૂતો માટે **GERC** ના ધોરણો મુજબ માત્ર ફીક્સ્ડ કોસ્ટ મુજબનો ફાળો ભરપાઈ કરવાનો રહેશે તથા કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ(**TASP**) યોજનાના અરજદારોને કોઈ ફાળો ભરપાઈ કરવાનો રહેશે નહી.

## પી.એમ. કુસુમ – સી

### વ્યક્તિગત સ્તરે પંપ સોલરાઈઝેશન

- હયાત ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને સોલાર પંપના ખર્ચની કિંમતનાં ૬૦ % સુધીની સબસીડી (૭.૫ હો.પા. સુધી મર્યાદિત)
- ૨૫ વર્ષ સુધી સ્વવપરાશ પછી વધારાની સોલાર ઊર્જા વીજ વિતરણ કંપનીને વેચી વધારાની આવક

### ફીડર લેવલ સોલરાઈઝેશન

- દિવસ દરમિયાન ખેડૂત ભાઈઓને ખેતી કામ માટે પૂરતો વીજ પુરવઠો
- સસ્તી અને ગ્રીન એનર્જીથી ખેતરોમાં હરિયાળી અને ખેડૂતોમાં ખુશહાલી

વધુ જાણકારી માટે નીચે જણાવેલ વેબસાઈટ અને ટોલ ફ્રી નંબર અથવા સ્થાનિક વીજ કચેરીનો સંપર્ક કરો.

| | |
|---|---|
| ડીજીવીસીએલ ૧૯૧૨૩,૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩ www.dgvcl.com | એમજીવીસીએલ ૧૯૧૨૪,૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦ www.mgvcl.com |
| પીજીવીસીએલ ૧૯૧૨૨,૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ www.pgvcl.com | યુજીવીસીએલ ૧૯૧૨૧,૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ www.ugvcl.com |

| | | |
|---|---|---|
| જીયુવીએનએલ– **GUVNL**<br>https://pmkusum.guvnl.com | જીઈડીએ – **GEDA**<br>https://geda.gujarat.gov.in | એમએનઆરઈ–૧૮૦૦૧૮૦૩૩૩૩<br>www.mnre.gov.in |

**નોડલ એજન્સી**

- ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (પી.એમ. કુસુમ–બી અને સી)
- ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (પી.એમ. કુસુમ–એ)

**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

## આપણું યુજીવીસીએલ

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com